## ચીની માલ 'લૉન્ડર' કરવાના નેટવર્કમાં ગુજરાત, પુણે અને ચેન્નઈનો ઉલ્લેખ

# ભારત સહિત ૪૦ દેશો ચીનને ટેરિફ ચોરી કરવામાં મદદનો અમેરિકાનો આક્ષેપ

**ચીન** ઉંચા ટેરિફથી બચવા આ દેશોમાં પોતાનો માલ મોકલીને તેના પર મામૂલી પ્રોસેસ કરાવીને તે દેશના નામે અમેરિકામાં ઘૂસાડે છે

વૉશિંગ્ટન, ૧૩: અમેરિકાએ ભારત સહિત ૪૦થી વધુ દેશો પર ચીનને ઊંચા ટેરિફમાંથી બચવામાં મદદ કરવા માટે શેડો ટ્રાન્સ-શિપમેન્ટ નેટવર્ક ચલાવવાનો આરોપ મૂક્યો છે. આ સાથે જ આવી પ્રવૃત્તિઓને શોધી કાઢવા અને દંડ કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરવાની યોજના જાહેર કરી છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટોચના વેપાર સલાહકાર પીટર નવારોએ 'ધ ગ્રેટ ટ્રાન્સશિપમેન્ટ સ્કેમ' નામના અહેવાલમાં જણાવ્યું હતું કે, ૨૦૧૮ પછી ટ્રાન્સ-શિપમેન્ટ વધુ પ્રચલિત બન્યું હતું, જ્યારે ટ્રમ્પ પ્રશાસને કલમ ૩૦૧ હેઠળ ટેરિફ લાદ્યા હતા. પ્રમુખના વેપાર અને ઉત્પાદન વિષયક સલાહકાર પીટર નવારોએ પત્રકારોને જણાવ્યું હતું કે, વર્ષોથી, આ ટ્રાન્સશિપમેન્ટ કૌભાંડ દ્વારા કોમ્યુનિસ્ટ ચીન ૪૦થી વધુ દેશો મારફતે તેની નિકાસને 'લૉન્ડર' કરી રહ્યું છે. ચીનના આ 'શેડો ટ્રાન્સશિપમેન્ટ નેટવર્ક'માં સામેલ દેશોમાં અમેરિકાના સરહદી પાડોશી મેક્સિકો અને કેનેડાથી લઈને યુરોપિયન યુનિયન, ભારત, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા અમેરિકાના ઘણા મોટા વેપારી ભાગીદારોનો સમાવેશ થાય છે.

અહેવાલ મુજબ, ચીનથી આવતા સામાન કે પાર્ટ્સને પહેલાં ભારત સહિત અન્ય એશિયાઈ દેશોમાં મોકલવામાં આવે છે. ત્યાં તેને પ્રોસેસ, એસેમ્બલ કે કોઈ અન્ય પ્રોડક્ટમાં ઉપયોગમાં લેવામાં આવે છે. ત્યારબાદ તૈયાર સામાનને અમેરિકા નિકાસ કરવામાં આવે છે. અમેરિકી પ્રશાસનનો આરોપ છે કે આનાથી ચીન પર લાદવામાં આવેલા ટેરિફથી બચવાનો માર્ગ મળી જાય છે. રિપોર્ટમાં આના માટે સમગ્ર વિશ્વમાં ટ્રેડ રૂટ્સનું નેટવર્ક બનવાની વાત કહેવામાં આવી છે. ભારતના પુણે, ગુજરાત અને ચેન્નઈને ચીનથી આવતા સામાનના એક મહત્ત્વપૂર્ણ માર્ગ તરીકે દર્શાવવામાં આવ્યા છે. ભારતના કિસ્સામાં રિપોર્ટે પુણે, ગુજરાત અને ચેન્નઈની સરખામણી અમેરિકાના ઓહાયો રાજ્યના સિન્સિનાટી, ડેટન અને કોલંબસ સાથે કરી છે. આ અમેરિકી શહેરોમાં પણ પમ્પ, કોમ્પ્રેસર અને અન્ય ઔદ્યોગિક સામાનનું ઉત્પાદન અને વેપાર થાય છે.




### સાવરકર વિરુદ્ધ ટિપ્પણીનો વિવાદ

## રાહુલ ગાંધી સામેની ફોજદારી ફરિયાદ, સમન્સ રદ કરતી સુપ્રીમ કોર્ટ

**લોકસભાના** વિપક્ષના નેતા વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે કાયદા મુજબ જરૂરી જોગવાઇનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું જણાવ્યું

**ગાંધી** વિરુદ્ધ નોંધાયેલી બદનક્ષીની ફરિયાદ, ટ્રાયલ કોર્ટે કાઢેલા સમન્સ રદ કરવામાં આવ્યા

નવી દિલ્હી, તા. 14(PTI): સુપ્રીમ કોર્ટે શુક્રવારે હિંદુત્વ વિચારક વિનાયક દામોદર સાવરકર વિરુદ્ધની ટિપ્પણી બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિની ફોજદારી ફરિયાદ અને ટ્રાયલ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા સમન્સને રદ કરી દીધા છે. કોર્ટે જણાવ્યું હતું કે આ કેસમાં કાયદા હેઠળ જરૂરી મંજૂરી મેળવવામાં આવી નહોતી.આ માનહાનિનો કેસ 17 નવેમ્બર, 2022ના રોજ મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં 'ભારત જોડો યાત્રા' દરમિયાન યોજાયેલી રેલીમાં રાહુલ ગાંધી દ્વારા સાવરકર વિશે કરવામાં આવેલી ટિપ્પણી પરથી ઊભો થયો હતો. ગાંધીની અરજી મંજૂર કરતા જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ શીલ નાગુની ખંડપીઠે નોંધ્યું હતું કે લોકસભાના વિરોધ પક્ષના નેતા વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે કાયદા મુજબ જરૂરી મંજૂરીનો આ ફોજદારી કાર્યવાહીમાં અભાવ હતો. CrPCની કલમ 196 હેઠળ, IPCની કલમ 153A (વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું) હેઠળના ગુનાની નોંધ લેવા માટે રાજ્ય સરકારની મંજૂરી ફરજિયાત છે. ખંડપીઠે જણાવ્યું હતું કે, એડિશનલ સોલિસિટર જનરલ અને ફરિયાદીના વકીલે યુપી દ્વારા દાખલ કરાયેલા સોગંદનામામાં સ્વીકાર્યું છે કે જરૂરી મંજૂરીનો કોઈ ઉલ્લેખ નથી.




### ધરમપુર નગરપાલિકા, જી.વલસાડ
### વોક ઈન ઈન્ટરવ્યુ નિવિદા. નં. ૧૭ /૨૦૨૬

ધરમપુર નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અર્બન-૨.૦ અંતર્ગતની કામગીરી સીટી મેનેજર(UWM)-૧ ની જગ્યા માટે મે.મિશન ડાયરેક્ટરશ્રી, સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાત, ગાંધીનગરના કાર્યાલય આદેશ ક્રમાંક નં SBM/A/e-file/302/2026/0310/CB and ADMIN-HR તા.૦૪/૦૮/૨૦૨૬ અન્વયે નીચે મુજબની વિગતો તથા શરતો મુજબ સ્વચ્છ ભારત મિશન અર્બન-૨.૦ અંતર્ગતની કામગીરી માટે ૧૧ માસના કરાર આધારિત કર્મચારીની ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે. અરજી ચીફ ઓફિસરશ્રી, ધરમપુર નગરપાલિકા, ધરમપુર, જી.વલસાડ-૩૯૬૦૫૦ ના સરનામે તા.૨૪/૦૮/૨૦૨૬ સુધીમાં ફક્ત રજીસ્ટર એ.ડી/સ્પીડ પોસ્ટ થી જ મોકલી આપવાની રહેશે. અન્ય રીતે મોકલેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

| હોદ્દાનું નામ | નિમણૂંકનો પ્રકાર | લાયકાત | સંખ્યા | અનુભવ | ફિક્સ માસિક વેતન રૂ/- |
|---|---|---|---|---|---|
| સીટી મેનેજર (UWM) | ૧૧ માસ કરાર આધારિત | B.E/B.Tech-Environment / Civil / Mechanical / Water Resource | ૧ | ૧ વર્ષ (ડિગ્રી મેળવ્યા બાદનો) | 30,000/- |

શરતોઃ-

1. કરવામાં આવેલ અરજીમાં ઉપરોક્ત જગ્યા માટે અરજી કરવામાં આવેલ છે.તે કવર ઉપર સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.
2. અરજી સાથે શૈક્ષણિક લાયકાત ડિગ્રી પ્રમાણપત્ર લિવિંગ સર્ટિફિકેટ અનુભવ પ્રમાણપત્રની નકલ જોડવાની રહેશે.
3. અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉમર ૨૦ વર્ષ પૂર્ણ કરેલ અને ૩૬ વર્ષ પૂર્ણ કરેલ ન હોવી જોઈએ. અનામત વર્ગના ઉમેદવારને ઉપલી મર્યાદા માં છૂટછાટ આપવામાં આવશે જેના માટે અનામત વર્ગના જરૂરી પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.
4. સ્વચ્છ ભારત મિશન અર્બન તથા મિશનના ઘટકોની માર્ગદર્શિકાઓ અને મિશન ડાયરેક્ટરશ્રી ના કાર્યક્ષેત્રમાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે તથા ઉક્ત મહેકમ સ્વચ્છ ભારત મિશન અર્બન મિશનનો સમયગાળો ૩૧/૦૩/૨૦૨૭ સુધી જ રહેશે.
5. અરજીઓ મળ્યા બાદ એજ્યુકેશન ક્વોલિફિકેશન તથા અનુભવના આધારે ક્વોલિફાઇ થતાં ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે જેની જાણ ઉમેદવારોને ટપાલ અથવા ટેલીફોનિક દ્વારા કરવામાં આવશે.
6. આ ભરતી અંગેના તમામ હક ધરમપુર નગરપાલિકાને સંબોધિત રહેશે અને વધુ માહિતી માટે ધરમપુર નગરપાલિકાનો સંપર્ક કરી શકાશે.

ચીફ ઓફિસર
ધરમપુર નગરપાલિકા

પ્રમુખ
ધરમપુર નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૩૧૮/૨૦૨૬

